# પ્રકરણ–૪

# ‘ગુજરાંનો અરેલો’ લોકમહાકાવ્ય તરીકે મૂલ્યાંકન


- પ્રસ્તાવના
- કથાવસ્તુ
- વાઘજી
- ડીગ્યાનો ડામોર
- ગુજરો
- સપુનાથ
- ભાથુ કલારણ
- જેળુ હોળાગણ
- દેવનારાયણ
- સંદર્ભ સૂચી

# પ્રકરણ–૪

# ‘ગુજરાંનો અરેલો’ લોકમહાકાવ્ય તરીકે મૂલ્યાંકન

## પ્રસ્તાવના :

ડો.ભગવાનદાસ પટેલ આપણા યુવાન લોકવિદ્યાવિદ છે. તેઓ ભીલી વિશેષતઃ સાબરકાંઠાના ડુંગરાળ સીમાપ્રદેશની ભીલી લોકવિદ્યાના એક સનિષ્ઠ અભ્યાસી છે. અરવલ્લીની ડુંગરમાળામાં વસેલ, ભીલ વસ્તીવાળા ગામોમાં સતત ભ્રમણ કરી ભીલોના સારા માઠા અવસરોમાં તેમની વચ્ચે રહી, ભીલી પરંપરાનો આદર કરતા અને ભીલી બોલીમાં તેમની સાથે નીકટનો નાતો બાંધી, તેમનો વિશ્વાસ અને પ્રેમ મેળવી, તેમણે આદિવાસી ભીલ સંસ્કૃતિ વિશે વિવિધ પ્રકારની ઘણી બધી જાણકારી મેળવી છે. ડુંગરી ભીલોની ધાર્મિક–સાંસ્કૃતિક સામાજિક પરંપરાઓ અને રીતસરમો જાણી અજાણી વિદ્યાઓ વિવિધ પ્રકારના લઘુદીર્ઘ કંઠસ્થ લોકગીતો અને લોકકથાઓ વગેરે વિશે વિવિધ પ્રકારની ઘણી બધી જાણકારી મેળવી છે. ડુંગરી ભીલોની ધાર્મિક–સાંસ્કૃતિક–સામાજિક પરંપરાઓ અને રીતરસમો જાણી–અજાણી વિદ્યાઓ, વિવિધ પ્રકારના લઘુ–દીર્ઘ કંઠસ્થ લોકગીતો અને લોકકથાઓ વગેરે વિશેની ઘણી સામગ્રી તેમણે સંપાદિત કરી છે. ‘લીલા મોરિયો’, ‘ફૂલરાંની લાડી’, ‘અરવલ્લી પહાડની આસ્થા’, ‘દેવિયાવાળાના અરેલા’, ‘અરવલ્લી લોકની વહીવાતો’, ‘ભીલલોક મહાકાવ્ય : રાઠોર વારતા’, ‘ડુંગરી ભીલ આદિવાસીઓ જેવા અનેક પુસ્તકોના રૂપમાં પ્રકાશિત થયા છે.

‘ગુજરાંનો અરેલો’ પણ આવું જ ડુંગરી ભીલોની લોકવિદ્યાનું અને તેમના પરંપરા પ્રાપ્ત કંઠસ્થ લોકસાહિત્યનું પુસ્તક છે. તેમાં લોકાખ્યાન કે લોકમહાકાવ્યને મળતા, દીર્ઘ ગાન કથા જેવા લાગતા ગેય પદ્ય અને લયાત્મક ગદ્યના સંમિશ્રિત રૂપમાં રચાયેલા, આદિવાસી ડુંગરી ભીલ સમાજમાં પ્રચલિત ગુજરાંના અરેલાનું કથાવસ્તુ જોઈએ.

## કથાવસ્તુ :

આ મહાકાવ્યની શરૂઆતમાં માતાજીની સ્તુતિ કરવામાં આવી છે પછી કાદવના જાદવ થયા અને જાદવનો હરિઓમ થયો આ હરિઓમ મડોવરા દેશનો રાજા. રાજા એકવખત રાત્રે સૂતો હોય છે ત્યારે હરિઓમને સ્વપ્ન આવે છે. સપના દેવી આવે છે અને શિકારે જવાનું કહે

છે. સવારે ઉઠતાની સાથે હરિઓમ બધા ભાઈઓને ભાલા કામઠા તૈયાર કરવાનું કહે છે અને ભાઈઓ ઘોડા તૈયાર કરીને લાલુ લુહાર પાસે ભાલા બરછી સજાવા જાય છે અને રાજા હરિઓમ કિરોતરા દેશની કુંવરી રખમા રાઠોડણ સાથે પરણ્યો છે તેને ભાલા વધાવવા કહે છે અને બીજા દિવસે બધા ભાઈઓ સાથે સૂર્ય ઉગતા જ શિકાર કરવા જાય છે.

હરિઓમ ભાઈઓ સાથે મેરુ–સુમેરુ પર્વત પર શિકારે જાય છે. પછી બધાએ નકકી કર્યુ કે અમે શિકારને હરિઓમ તરફ મોકલશું ને હરિઓમ બધાને માટે આ વાત નકકી થયા પછી એ રીતે બધા ભાઈઓ બધા પ્રાણીને હરિઓમ જે ગુફા પાસે બેઠો હતો તે તરફ આવે છે પણ સાબર એક પગે ઉભો રહી સૂર્ય સામે તપ કરતો જાય છે તો તે પ્રાણીઓને મારવાનું ભૂલી જાય છે. પછી તેને મારવાનો વિચાર છોડીને સાબર, હરણીની કાનની ટીશી પૂંછડીના વાળ લઈને ઢાલમાં રાખી દે છે મારતો નથી અને આ તરફ પ્રાણીને છોડી દે છે એટલે પ્રાણીઓની કિકિયારી સાંભળી ભાઈઓને થાય છે કે ઘણો શિકાર થઈ ગયો આથી બધા હરિઓમ પાસે આવે છે પણ હરિઓમ કહે છે. અહીં તો કોઈ શિકાર આવ્યો જ નથી આથી બધા ભાઈઓ નિરાશ થાય છે અને આખા દિવસના થાકેલા ભાઈએ દૂર વીરડો ગાળી પાણી પીએ છે અને પછી લીલી પીળી જાજમો પાથરીને બેઠા છે પછી વિચારે છે કે આપણે શિકાર નથી કર્યો તો કથા આનંદમાં આપણે અમલ કસુંબા કરીએ ત્યા તો હરિઓમની ઢાલમાંથી જાનવરોના કાનની ટીશો જાજમ ઉપર પડે છે. આ જોઈને બધા ભાઈઓ ગુસ્સે થાય છે અને બધા એક સાથે હરિઓમ ઉપર તૂટી પડે છે અને હરિઓમ રાજાની આંખ ફોડી નાખે છે. તેને એકલો છોડી બધા ભાઈઓ મડોવટા રાજધાનીમાં પાછા આવે છે.

મડોવટાના રાજાના મહેલમાં રાખી રખમા રાઠોડણ પોતાની રાહ જોતી બેઠી છે. બધા ભાઈઓ આવ્યા પણ તેની સાથે પોતાનો પતિ નથી આથી પૂછે છે તમારા ભાઈ કયાં. ત્યારે બધા ભાઈઓ કહે છે હરિઓમ શિકારના બે ભાગ લઈને આવે છે. પાછળ પછી બધા ચાલ્યા જાય છે ત્યારે નાનો ભાઈ કહે છે કે તેને ‘હરિયા નાળાં’માં આંધળો કરીને તેને મૂકી આવ્યા આ બધા ભાઈઓએ તેના રતન લઈ લીધા. આ સાંભળીને હરિઓમની પત્ની કહે છે તમારું નખ્ખોદ જાજો આવું કામ ન્હોતું કરવું.

ત્યારબાદ રખમા રાઠોડણ ખજૂરિયાળો દીવો સોનાના થાળ પર મૂકીને સાતમાં ભોયરામાં જાય છે. ત્યાં પોતાની ટચલી આંગળી કાપીને રકતના છાંટાથી તેનું તાળું ઉઘાડે છે.

ત્યાં ફૂલ વછેરો ઘોડો છે તેના પર સોના રૂપાના પલાણ મૂકીને ઘોડાને કહે છે તારો સવાર વનમાં છે ઝટ ચાલ.

ઘોડાની સવારી કરી પુરુષ વેશમાં રાણી મધ્યરાત્રિએ વનમાં આવી રાજેએ ઘોડાના અવાજ સાંભળીને કહ્યું કોણ છે. તને મારું તારા દાત પાડું. આ કવેળાએ કોણ છે તું પછી રાણી નીચે ઉતરે છે. રાજાને પોતાના ખોબામાં લઈને પરિચય આપે છે અને તમારા વેરીઓએ તમારું આવું અઘટિત કર્યુ છે તેમ કહે છે. ત્યાં તો પાતાળમાંથી બહાર આવતા વાસુકી નાગનો સળવળાટ થાય છે. રાજા રાણીને આ અવાજનું કારણ પૂછે છે અને રાણી કોઈ જનાવર આસોપાલવ પર ગરુડના બચ્ચાને ખાવા જાય છે તેમ કહે છે. રાજા રાણીને આ નાગ મારી નાખવા કહે છે પણ રાણી મારવાની ના પાડે છે ત્યારે રાજા અવાજની દિશામાં વિજળી જેવું ખાડું તે નાગના માથામાં મારે છે. રાણીએ બતાવેલ નિશાન ઉપર રાજા નાગને મારી નાખે છે. ગરુડના બચ્ચાને બચાવી લે છે.

ઝાડ ઉપર ગરુડના બચ્ચા વિચારે છે કે આપણી માતા કેટલી વાર વિયાય હશે પણ આ નાગને કારણે કોઈ બચ્ચું જીવતું ન રહેલું આથી ગરુડની મા સમુદ્રમાં પણ લેવા ગઈ હોય છે તે આવે તેટલે પૂછશું તે માની બચ્ચા રાહ જોવે છે. મા આવે છે. ગરુડના બચ્ચા બધી વાત કરે છે કે આંધળા માનવીથી અમે જીવતા છીએ. બાકીતો મરી જાત. પહેલા એની આંખ ટાઢી કર તો અમે ચણ ખાશું. પછી તેની માતા કહે છે કે બાર બચ્ચાનું ચરક વાળીને માળામાંથી નીચે પાળુને કોઈ તેને કાળા માથાનો માનવ સીધું ઝીલે ને વાટીને આંખમાં નાખે તો આંખ સાજી થઈ જાય. રાણી આ ચરફ જીલીને રાજાની આંખમાં નાખે છે. રાજા સવારે દેખતો થઈ જાય છે. રાજા રાણીને અહીં આવવાનું કારણ પૂછે છે. રાણી કહે છે તમને સાચવવા આવી છું.

પછી હરિઓમ રાજા ફૂલવછેરા પર સવાર થઈને રાજા–રાણી પોતાના નગર જવા તૈયાર થાય છે. રાજા રાણીને સામૈયા કરવાની વાત કરે છે ને તેને આગળ જવા કહે છે અને પોતે મડોવટ પાસેથી પસાર થતા કહે છે કે હવે ભાઈઓ વેરી થયા હવે મારાથી આ દેશમાં ન જવાય. આથી આંખમાં આંસુ સાથે મડોવટને આશિષ આપ્યા, ભાઈઓને સુખી થવાના વચનો કહ્યા ને તે ફૂલવછેટા પર ઉજ્જયની નગરી ભણી આવે છે. અહીં નગરીમાં આવી રાજાને તરસ લાગે છે અને તે એક કુંભાર સ્ત્રીને ત્યાં પાણી પીવડાવાનું કહે છે. તે સ્ત્રી પાણી આપે છે પણ

તેની આંખનું આંસુ લોટામાં પડે છે. આથી રાજા–પાણી બીજું માગે છે અને પછી તેના દુઃખનું કારણ પૂછે છે.

કુંભાર સ્ત્રી કહે છે અમારા નગરમાં એક વાઘ આવ્યો છે. જે ઘણા માણસોને મારી ખાતો એટલે રાજાએ બધાના ઘરના વારા કર્યા હતા. આ વારામાં છ દિકરાને પોતાનો પતિ એમ છ વારા પૂરા થયા હવે મારા એક ને એક બચેલા દીકરાનો વારો છે. એ પણ મરશે. હરિઓમ પાણી પીને કહે છે, બેન રડમાં તારા વારામાં હું જઈશ. પણ હું કહું તેટલું મને કરી આપ. સવાપાંચ શેર લીલા મગ, સવાપાંચ શેર કાળા અડદ, સવાપાંચ શેર ઘઉં ઝટપટ દળી આપ પછી સવાગજ ધોળુંને લાલ કપડું લઈ આવ અને અડધો મણ ચોખ્ખો દારૂ લઈ રાખ હું તારા દિકરાને બચાવીશ.

હરિઓમ જોઈતી વસ્તુ લઈને લોટ મસળીને તેનું માણસનું પૂતળું બનાવે છે અને સફેદ લાલ કપડું તે માણસના પૂતળાને ઓઢાડે છે. તેની બાજુમાં દારૂનો કુંડ ભરી રાખે છે. પછી રાજા પૂતળા પાસે સંતાઈ જાય છે. તે વાઘની રાહ જુએ છે.

સુરજ આથમી ગયો તે વાઘના આવવાના ધધમાટો થવા લાગ્યા. વનનો રાજા નગર ભણી આવવા લાગ્યો. આવવાની સાથે લોટના બનાવેલ પુતળા પર તૂટી પડે છે. એ પહેલા તે દારૂ પીવે છે. લથડીયા ખાતો પૂતળાને બચકા ભરવા ગયો ને દાંતે લોટ ચોટયો હતો તે ખંખેરવા લાગે છે ત્યાં જ રાજા તેને વિઝીહણ ખાંડાથી તેના બે કટકા કરી નાખે છે. લોહીની નદી વહે છે. તેમાં પથ્થરો તણાવા લાગ્યા. હરિઓમ વાઘના કાનની ટીશીઓને પૂછડાના પદમ કાપીને ઢાલની ગાદી પાછળ સંતાડી દે છે.

ત્યાર પછી મધ્યરાત્રિના હરિઓમ ઝાંઝરવાવમાં ખાડું નવડાવવા આવે છે. ત્યાં વેલા વેવારિયાની કુંવરી ઈલોર કિલોર હીંડોળે હીચી રહી છે. તે આવેલા પુરુષને જોઈને પરિચય પૂછે છે. હરિઓમ મડોવટનો રાજા છું તેવું કહે છે. તો રાજકુંવરી આનંદમાં આવી જાય છે કારણ બાળપણમાં રડતી રાજકુંવરીને છાની રાખવા પિતા તેને હરિઓમ સાથે પરણાવવાની વાત કરતા, પછી રાજકુંવરી હરિઓમને મેળવવા કેટલા તપ કર્યાની વાત કહે છે પછી અહીં આવવાનું કારણ પૂછે છે તો રાજા વાઘ માર્યાની વાત કરે છે. ત્યાં જ તલવારને ધોઈ તેમાંથી ચંદ્રના પ્રકાશથી તેજ લીસોટો રાજકુંવરીના પેટ પર પડે છે અને તે ગર્ભવતી બને છે. રાજાને તે કહે છે કાલ સવારે રાજા વાઘ માર્યા પછી ઈનામ માગવાનું કહે તો મને માગજે. હું તેને

પરણીશ.

પછી તો હરિઓમ કુંભારણને ત્યાં આવે છે. સૂઈ જાય છે. સવાર પડતા જ ગામના લોકોને ખબર પડે છે. વાઘ મરાયો આથી એક પછી એક લોકો કહે છે રાજાને કે વાઘ એને માર્યો. રાજા તપાસ કરે છે તો વાઘની કાનની ટીશીઓને પૂછડાના પદ્યમ કોણે લીધા ત્યારે ખબર પડે છે કે આ બધા લોકો ખોટું બોલે છે આથી રાત્રિના કોનો વારો હોય તે તપાસ કરાવી અને તપાસ કરતા ખબર પડે છે કુંભારના ઘરનો વારનો હતો. કુંભારને ત્યાં તપાસ કરવા રાજાના માણસોને મોકલ્યો અને કુંભારણ રાજાના કહેવાથી હરિઓમને જગાડે છે. હરિઓમ રાજ દરબારમાં આવીને બધી વાઘ માર્યાની વાત કરે છે. રાજાને પોતાનો પરિચય આપે છે. રાજા રાજપાટ બધું આપવા તૈયાર થાય છે પણ હરિઓમ કુંવરી ઈલોરકિલોર સાથે લગ્ન કરવાનું કહે છે. રાજા હરિઓમને કુંવરી સાથે પરણાવે છે. ચાર ફેરાએ બાઈ ઉભી રહીને ફેરાની ના કહે છે અને હરિઓમને કહે છે તું તો ઘાંચી છે કે મોચી. રાજા તે કુંવરીને અડધા મહેલ રાજપાટ આપીને ઉજોર નગરીનું રાજ કરવાનું કહે છે.

## વાઘજી :

ઈલોરકિલોરને તલવારના તેજના લિસોટેથી ગર્ભ રહેલો તે દિવસો ગણતા નવ મહિના પૂરા થાય છે. રાણીને પેટમાં શૂળ ઉપડે છે એટલે દાસીઓ દાયણને બોલાવવા જાય છે. દાસી દાયણને લઈ આવે છે. દાયણની મદદથી કુંવરી રાજકુંવરને જન્મ આપે છે. તેનું નામ વાઘજી રાખવામાં આવે છે કારણ કે તે અડધો મનુષ્ય અડધો વાઘ જેવો હતો. વાઘજી તો મોટો થાય છે. નગરમાં ફરવા લાગે છે. નગરના લોકોના ઢોરા ચારે છે પણ ઢોરના મુખ એક વખત અડધા લોહીવાળા બને છે. આથી વાઘજી લોકો વાઘજી અત્યાર સુધીના ઢોર ચરવા પૈસા આપીને કામમાંથી છૂટો કરે છે.

કામ વગરનો વાઘજી ડોલરીયો જૂલો કરવાનું વિચારે છે. આથી તે સુથાર પાસે સોની પાસે અને રંગારા પાસે વારાફરથી વારા જાય છે અને વાઘજીનો જૂલો તો મા–બાપ, જંગલ–ઝાડી–મોર રંગેલો સરસ બને છે.

રૂડી રાતનો જૂલો લઈને વાઘજી ખાંડા સરોવરની પાળે જાય છે. ત્યાં ડોલરીયા ઝૂલે વાઘજી હીંચકે છે ત્યાં તો વાણિયા–બ્રાહ્મણ–ઘાંચી–મોચીની છોકરીઓનું વૃંદ પાણી ભરવા

નીકળે છે. વાઘજીના જૂલાને જોઈને આકર્ષાયેલ છોકરીઓ વાઘજીને ડોલરીયા જૂલે જૂલવાનું કહે છે. પણ વાઘજી પહેલા જૂલાને પરણાવાની વાત કહે છે. માટે છોકરીઓ જવ, તલ, કાચા દોરા, બે લોટા, બે વાટીઓ, આંબાના પાન બ્રાહ્મણને લઈને આવીને ઝૂલાને પરણાવ્યો. વાઘજી અને છોકરીઓ સામે જૂલાને પરણાવવામાં આવ્યો. આમ કરતા જૂલા સાથે છોકરીઓ વાઘજીને પરણી જાય છે. પછી વાઘજી બધી છોકરીઓને ઝૂલે બેસાડે છે ને ધીમે ધીમે ઝૂલાની ગતિ વધારે છે. ઉંચે ચઢતા ઝૂલા સાથે છોકરીઓ મઝમેવાર, ઘૂમરી પોળ, પાડેર, ગલી ગુજરાત જોવા લાગે છે. પછી છોકરીઓ હર્ષ પામતી પોતાને ઘેર જાય છે.

ત્યારબાદ ઉંમરલાયક થયેલી કન્યાના માતા–પિતા જોશી બોલાવીને લગ્નના મુહૂર્ત જુએ છે પણ કોઈનું મુહૂર્ત નથી નીકળતું. આથી જોશી કહે છે કે આ બધાનું તો લગ્ન થઈ ગયું છે. છોકરીઓને તેના માતા–પિતા પૂછે છે કોની સાથે તમે પરણ્યા છો. છોકરીઓ કંઈ કહેતી નથી આથી સાતમાં ભોંયરા પૂરીને મરચાનો ધુવાડો કરે છે ત્યારે સહન ન થતાં બધી છોકરીઓ ડોલરીયા ઝૂલાને પરણતા તે વાઘજીને પરણી ગઈ છે તે કહ્યું.

શહેરના નાના મોટા બધા સરોવર પાળ આવે છે અને વાઘજી પાસેથી કંઈ 'દાયુ–ડપેરું' લેવું નથી પણ વાઘજીને આ બધી છોકરીઓ પરણાવી દઈએ અને વાઘજીને કહે છે વાઘજી આ બધી છોકરીઓ તારી તું જાણે ને તારા કર્મ. વાઘજી એક હાકોટો કરે છે અને ભયની મારી બધી છોકરી ભેગી થઈ જાય છે. વાઘજી બધાને આલિંગનમાં લે છે તે છ ને છવ્વીસ તેની બાથમાં આવે છે અને એક છોકરી વધે છે. તેને જોશીને ચોરીના દાન પેટે આપે છે. બધા વાઘજીને આશીર્વાદ આપીને ઘરે જાય છે.

આ પછી વાઘજી આગળને છ–છવ્વીસ રાણી પાછળ. વાઘજી બધા માટે જુદી જુદી ઝૂંપડી બાંધે છે. રાણીઓ આનંદથી રહે છે. આમ કરતાં વરસો જાય છે પણ છ–છવ્વીસ રાણી હોવા છતાં વાઘજી વાંઝિયો છે કોઈ દીકરી–દીકરો નથી. વાઘજીની પુત્ર મેળવવાની ઝંખનાથી વૈકુંઠમાં સિંહાસન ડગમગે છે. ભગવાન પૃથ્વી પર કોઈ કળા થઈ છે આથી તપાસ કરવા બ્રાહ્મણવેશે આવે છે. ભગવાન ખાંડા સરોવરે આવે છે વાઘજી ભગવાનને જોશી રૂપે આવેલા જોઈને પૂછે છે. તમે જાણકાર બ્રાહ્મણ છો તો સમ ખાઈને સાચું કહો મારે પુત્ર–પુત્રી છે કે નહીં. પછી જોશી રૂપે આવેલા બ્રાહ્મણે કહ્યું હું કહું એટલું કરીશ તો પુત્ર થશે. એટલે સામે

આંબાવાળીયામાંથી આ ડાંગ ઉંચે ઊલાળતા જેટલી કેરી પડે તે લઈ આવજે. બસ આટલું જ કરવાનું કહ્યું. વાઘજી જાય છે. ડાંગ મારતા બે જ કેરી પડે છે. આથી વધારે લેવાની ઈચ્છાથી તે ફરીવાર ડાંગ મારવા જાય છે તો પેલી બે કેરી અને ડાંગ ઉપર જ રહી જાય છે. આથી નિરાશ થઈ તે પાછો આવે છે. જોશી વાઘજીનો લોભ જાણી ગયો આથી તે ફરી વાર મોકલે છે. પણ આ વખતે કહ્યું છે તેમ કરવાનું જ એમ કહીને જાય છે. ફરીવાર ડાંગ મારે છે. બે કેરી લઈ આવે છે. પછી આ કેરીને જેટલી રાણી તેટલી ચીરી કરીને ખવડાવવાનું કહે છે. વાઘજી રાણી પાસે આવે છે અને છ–છવ્વીસ ચીરી કરીને ખવડાવે છે. જોશી વચન માંગે છે કે એક દીકરાને મારી ધૂણી પર મૂકજે બાર વર્ષ ભણાવીને તેરમાં વરસે તેને પાછો આપીશ. પછી વાઘજી અને બધી રાણીઓ જોશીના કહેવાથી ગરીઓરકોટ પાછા રહેવા જાય છે. જોત જોતામાં મહિનાઓ વીતે છે અને રાણીઓને શીળા પેટના શૂળ ઉપડે છે. પછી દાયણને બોલાવીને બધાની સુવાવડ થાય છે પછી છ–છવ્વીસ કુંવર જન્મે છે. પછી જોશીને બોલાવી નામ પાડવામાં આવ્યા. મેહો, ભોજો, એમજી, ખેમજી, હુખલો– જેવા નામ પાડવામાં આવ્યા. વાઘજી ગરીઓકોટમાં ખાઈપીને રાજ કરે છે અને સાથે સાથે તેના છોકરાઓ મોટા થવા લાગ્યા.

## ડીગ્યાનો ડામોર :

સમય જતાં દુષ્કાળ પડયો. કયાંય પાણીનો રેલો કે લીલો વાડો જોવા ન મળે માટે ડીગ્યાનો ડામોર વિચારે છે. મધ પાડવા મેર સિમેર પર્વત પર જાઉં છું. તે ત્યાં જાય છે ત્યાં રાત પડી જાય છે. તે થાકયો પાકયો ત્યાં પર્વત પર સૂવે છે અને તેને સાલોર (ગાય)નું સ્વપ્ન આવે છે અને શનિવારે ડીગ્યાના ડામોરને કહે છે હું તારા ઘરે આવીશ. વાડા તૈયાર કરાવ. જેટલી ગાય આવે તેને આવવા દેજે ના ન કહેતો અને તમે ભવોભવ ખાવો ને રાજ કરશો.

આ સ્વપ્નાની વાત ડીગ્યાના ડામોરે ઘરે આવીને દીકરા, વહૂ, દીકરી, પત્ની બધાને કહી અને પછી ગાયોને રહેવા સર્વે કુટુંબીજનો વાડા બનાવવા લાગ્યા.

આ તરફ સાલોર ગાય પાતાળખંડમાં રહેલી હતી તે અંધારીયો ખંડ હતો. આથી સાલોર માતા શિંગડે દીવા મૂકીને ચારો ચરતી પાતાળમાં નાપૂરો ગોવાળ ગાયોને રોકતો હતો. આથી વૈકુંઠપૂરીમાં ભગવાનની રજા લઈ સાલોર માતા અને નવ લાખ ગાયો પાતાળમાંથી સોનાના પગથિયા છોડી, પછી રૂપાના પગથિયા પછી કાસાના પગથિયા, તાંબાના, પિતળના, લોઢાના

પગથિયા છોડી છેવટે માટીના પગથિયાં ચડી પૃથ્વી પર આવે છે.

સૌથી પહેલા સાંઢ આગળ છે પાછળ સાલોર ગાયોના ઘણ આવવા લાગ્યા. તેની ખરીથી ધૂળ ઉડવા લાગી, પાન આક્રોશ ચડવા લાગ્યા. 'કવલી કાજોર' અને 'મેડી મોરગ' ના ટોળા આવવા લાગ્યા. સાલોર દેવીને સોનાના શીંગડા છે. સૂરજના સાંઢને રૂપાની ખરીઓ છે. કવલી કાજોરને લીલા મોરના પીછા જેવો મુગટ છે. મેડી મોગરનો ટોળાને પિતળની ઘૂઘટમાળો છે. આવી ગાયોનું ઘણ ચાલે છે ત્યાં ઘૂઘરીઓ વાગે છે. ડીગ્યાનો ડામોટ આ જોઈને કહે છે હા બાઈઓ હા આટલી જ અને એ સમયે જ વાડામાં આવી તે રહી અને જે બાટ રહી ગઈ તે હરણ સાબર બનીને વનમાં ભાગી ગઈ.

પાતાળમાંથી આવેલો નાપુરો ગોવાળ ડુંગરે ગાય ચાટે છે અને ઘરે વાડામાં સાંઢ માંદો થઈ પડયો છે. ડીગ્યાનો ડામોટ ઘરે કહે છે સવારે વૃક્ષ વાઢશું ને રાત્રે આ સાંઢને મારીને તેના માંસની ઊજાણી કરશું આ વાતની જાણનો અણસાર સાલોર માતાને આવે છે. આથી સાંજે ચરીને ઘરે આવે છે ત્યારે સાંઢને વાત કરે છે અને કહે છે તું માંદો છે પણ તને મારું તપ (બળ) આપશી એટલે તું ભાગજે. સાંજ પડી વાડામાં સાલોરને સાંઢ રમવા લાગ્યા. પછી એક ઘઘમાટો થાય છે અને બધી ગાયોને સાંઢ ઝડપથી દોડીને ચાલ્યા જાય છે. પાછા અંધારિયા ખંડમાં અને વાછરડા બાંધેલા હતા તે ત્યાં જ રહે છે.

## ગુજરો :

ગરિઓરકોટમાં હરિઓમના વાઘજીને છ–છવ્વીસ પુત્રો છે. તેમાં મેહો, ભોજો, હખલો, એમનજી, ખેમજી, ઢાગજી, ઢબુજી વગેરે છ અને છવ્વીસ ગુજરો છે. બધામાં મેહો વડો છે બધા ગુજરો જીવન ચલાવવા મેર–સમેર પર્વત પર જાય છે. ત્યાંથી ઘાસના ભારા લાવીને નગર–શહેરમાં વેચે છે. પાતાળમાં રહેલી સાલોર દેવી વિચારે છે મારો ધણી ધોળી કોઈ નથી તો શોધવો પડશે.

આવું વિચારીને સાલોર દેવી ડોશીનો વેશ લઈને આવે છે. માથે ખાટી છાશની માટલી છે. કેટલી માખી અંદર પડી છે ત્યાં સામે વાઘજીના ગુજોરનો મેહો અને ભોજો મળે છે ડોશીને માથે શું છે પૂછે છે. ડોશી કહે છે ખાટી છાશ માખીવાળી છે. ભોજો છાશ પીવા માગે છે. ડોશી કહે છે છાશ ખરાબ ખાટી માખીવાળી છે તોય ભોજો છાશ પીવા લાગ્યો. ડોશી પ્રસન્ન થઈને

ગુજરોને કહે છે તમે ઘાસ વેચવાનું છોડી દો ને અમારી સેવા કરશો તો સુખી થશો. શનિવારે સાંજે આવશું કહીને સાલોર દેવી અલોપ થઈ ગઈ.

સાલોરની વાતો સાંભળી ગુજરોએ વાડા બનાવ્યા ને શનિવારની સાંજે સૂરજનો સાંઢને નવલાખ ગાયોના ટોળા ઉતર્યા. સાઢું ખટિયાણી ગાયોને તિલક કરી વધાવે છે. નાથુ ગોવાળ ગાયોને ચરાવે છે. સાલોરને દોહનારી ગુજોરણોના હાથે ચૂડા છે. કેડ પ્રમાણે 'મેઘાડા મોર'ના ચણીયા છે. માથા પ્રમાણે ચુંદડી છે. ગાયોના આવવાથી ગુજરોને રાતદિવસ અંધારીયા ખજવાડીયાની ખબર પડતી નથી. ખાઈ પીને રાજ કરે છે.

વૈકુંઠમાં ગુજોરોના સુખની ખબર પડી સોનાન સિંહાસન ધ્રૂજવા લાગે છે. દેરાવટનગરી નો સપુરો સપુનાથ સ્વામી ખાખરખેડામાં આવવા લાગ્યો સપુટો મનમાં વિચારે છે કંઈક તો કળા છે. સપુનાથ વાછરડાનું રૂપ લઈને બધી ગાયોને ધાવી જાય આથી સાઢુ ખાટીયાણી કહે છે પહેલા ગાયોને દોતા તેર ઘડા દૂધ ઉતરતું બાર પીતા ને તેરમું વાછરડું ધાવતું હવે તો ગાયોનું દૂધ નથી મળતું ને વાછરડા મરવા પડયા છે. જો દીકરીઓ હોત તો જમાઈ આવત તો ગાયની રખેવાડી કરત પણ આ દીકરા શું કામના ? આ વાત સાંભળીને ભોજાને લાગી આવ્યું અને તે તો ખેલ ખેલવા જાય છે.

## સપુનાથ :

ભોજો માના વાકયથી ખાખરખેડામાં સાલોરની પાછળ કુહાડી લઈને જાય છે. ત્યાં સપુરો વાછરડાને ધાવતો જોઈને તેના પર તે ટૂટી પડે છે. સપુરોને ભોજો બાથંબાથ આવી જાય છે. સપુરો કહે છે સાલોર મારી હતી તું લઈ ગયો અને તારા બાપે તો તને મને દાનમાં આપેલ છે. તારા પિતાના એક પુત્રને મારી ધૂણીએ આપવાનું કહ્યું હતું અને હજીયે કોઈ આવ્યું નથી. માટે હું સાલોરને ધાવતો હતો. ભોજો સપુરાને કહે છે હું ગરિઓરકોટ જાવ છું. મારા બધા ભાઈઓને એકઠા કરીને તેને કહી પાછો આવું છું ભોજો બધા ભાઈને વાત કરે છે. સપુનાથ ભેગુ કોણ જાશે પૂછે છે પણ કોઈ જવાબ આપતું નથી એટલે પોતે જ જવાનું નકકી કરીને બધાને કુશળ રહેવાનું કહીને ગરીઓરકોટ ને છેલ્લા સલામ કરીને કહે છે ખુશ રેજો અને જીવતો રહીશ તો પાછો આવીશ. પછી તે સપુનાથ ભેગો નીકળ પડે છે. દેરાવટીનગરી જવા બંને ગેયાણનગરી વટીને દેરાવટીનગરી આવે છે.

દેરાવટીનગરીમાં ભોજાને બાર બાર વરસ વીતી જાય છે. તેરમું વરસ જાય છે ત્યારે સપુનાથ કહે છે ભોજા ઘરે ભાઈઓ પૂછશે કે સપુનાથની ધૂણી એ શું કરવા આવ્યો તો શું કહીશ માટે તને બરાબર ભણાવીને જ્ઞાન આપવા હું બાર ઘાણીનું તેલ લેવા જાવ છું અને ત્યાં સુધીમ્ં તું આ ધૂણીની આગ માટે લાકડા છાણા ભેગા કરી રાખજે અને ધૂણીની સૂની ઓરડી ખોલીશ નહીં અને સપુનાથ તેલ લેવા જાય છે. ભોજો વિચારે છે સપુનાથે ઓરડી ખોલવાની કેમ ના પાડી હશે.

ભોજાએ તો પહેલી ઓરડી ખોલી તેમાં ઘણા બધા મસ્તક (માથા) લટકતાં હતાં બધા ભોજાને જોઈ હસવા લાગ્યા. ભોજો પૂછે છે કેમ હસો છો તો બધી મુંડીઓ બોલી આજે તો તું જીવતો છો પણ કાલે તારી દશા મારા જેવી જ થશે. કાલે તારું માથું પણ અમારી સાથે લટકતું હશે. પછી ભોજો બધાને એક પગે ઉભો રહી પૂછે છે મારે શું કરવું તો બધી મુંડી કહે છે કે સપુનાથ કાલે બાર ઘાણીનું તેલ લેવા ગયો છે. આવીને તે તેલ ઉકાળશે અને તે તેલમાં તને નાખીને ખાશે પછી તારી મુંડી અમારી સાથે લટકાવશે પણ જો તારે બચવું હોય તો પાંચમા ફેરે તને કઢાઈમાં નાખે તો તારે ઘાટ પર પગ મૂકીને પાછળ પડવાનું અને કહેવાનું તમે ગુરુ છો તમે પહેલા જાવ અને તેને તડી નાખજે જો તડી નાખીશ તો જીતીશ નહી તો હારીશ.

પછી ભોજો ટચલી આંગણીના લોહીના છાંટાથી બીજી ઓરડી ખોલે છે. ઓરડીમાં કેસર ઘોડી હતી તે બહારની હવા ખાવા ઈચ્છતી હતી. આથી ભોજો રૂપાના પલાણ ચઢાવીને તેને સ્વર્ગની કૂરઝલીઓ પાછી આવે છે ને બહારના વાતાવરણથી ઘોડી રાજી થઈને ઓરડી બંધ કરી સપુનાથની આજ્ઞા પ્રમાણે ભોજો છાણા લાકડા ભેગા કરવા લાગ્યો. સપુનાથ બાર ઘાણીનું તેલ લાવે છે. સૂરજ ઉગતા જ તેલ કઢાઈમાં મૂકશું.

સવાર પડતા જ સપુરો જાગ્યો. ભોજાને છાણાં લાકડાં લાવવા કહ્યું આમલી–પીપળીના ફેરાફરીને તને ભણાવીને ગરીઓટ મોકલવાની વાત કહી પછી તું સપુનાથના ચેલા તરીકે ખ્યાત થઈશ. પછી સપુનાથે આગ સળગાવી ચાર ફેરા ફર્યા. ભોજો આગળ ને પાછળ સપુનાથ પછી પાંચમાં ફેરે ભોજાને કઢાઈને કિનારી પગ મૂકીને પાછળ કૂદ્યો ને સપુનાથને આગળ થવા કહ્યું તમે મારા ગુરુ છો આગળ થાવ ને પછી બાથમાં સપુનાથને લઈને કઢાઈમાં નાખવા જાય છે ત્યાં સપુનાથ ભોજાને કહે છે હું હાર્યો તું જીત્યો મારું હાડ તેલમાં પડતા જ સોનું થઈ જશે. આ

કાપીને તારે જોઈ તેટલું લઈ જજે પણ ખાણ ખોદીને બધું ન લઈ લેતો તને જોઈ તેટલું લઈ જઈશ તો પેઢીઓ ખાશે, જીવશે ને સુખી થશે. સપુનાથ કઢાઈમાં નંખાયો ને ધૂમાડો ઉડયો ને તે સોનું બન્યો.

ત્યારબાદ ભોજો કેસર ઘોડી પર સવાર થઈને પોતાના નગર આવવા તૈયાર થાય છે. પોતાના નગર ગરીઓરકોટમાં બધા તેની કાણે આવ્યા હોય છે. ત્યાં જ ભોજાનું આવવું સાઢું ખટિયાણી તેનું સામૈયુ કરે છે. ભાઈઓ મળે છે. સપુનાથની વાત કરે છે. ભોજા બધાને અને પછી ગાડા જોડીને દેરાવટનગરીમાંથી બધા છ–છવ્વીસ ભાઈઓ સોનું લેવા જાય છે. બધા સોનું લઈ આવી સરખે ભાગે વેચે છે અને બધા ભાઈઓ કામ–ધંધા વગરના ચોરે બેસીને દર્પથી ભરેલી વાતો કરે છે. ભોજાના ભાઈઓ ભોજા જેવી ઘોડી ઈચ્છે છે અને તેવી ઘોડી કાઠીયાવાડમાં મળે આથી કાઠીયાવાડના રાજા સોઠજીના મહેલે જઈને ઘોડા ખરીદવાની વાત કરે છે. રાજા ગુજરોને ઘોડા બતાવે છે પણ કોઈ પસંદ નથી આવતું. પછી કાળીયા રેવત અને ફૂલવછેરાને બહાર કાઢે છે. તે ઘોડાનું નવલાખ રૂપિયા મૂલ્ય આપીને ઘોડા ખરીદે છે.

ગુજરો રાજાને કહે છે ઘોડાનો સમાન સજાવી પાછા આવીએ પણ તે મોચીવાડેથી સીધા જ કાઠીયાવાડના રાજા પાસે જવાને બદલે ગરીઓરકોટ જતા રહ્યા. રખમા રાઠોડણ બધી ઘોડીના સામૈયા કરે છે અને ગુજરો સાતમે ભોયરે ઘોડાને બાંધે છે.

ગાયોની સમૃદ્ધિથી અને દેરાવટનગરીની સંપત્તિથી ઉન્મત બનેલા ગુજરોને દિવસરાતની ખબર પડતી નથી અને ગર્વથી વાતો કરવા એકબીજા ભાઈઓ ડોળીટાણમાં ભાથુરી કલારણને ત્યાં દારૂ પીવા જવાની વાત કરે છે. આ વાતની જાણ રખમા રાઠોડણને થાય છે. આથી તે ગુજરોને ત્યાં જવાની ના પાડીને પોતાના પિયર માળદરામાં પોતાની બે બહેન વાદળી–વીજળી ત્યાં છે તેમ કહીને તેના દિયરને વારે છે પણ ગુજરો કહે છે મઝમેવાર જોયા પછી માળદરામાં શું જોવાનું છે. તો ભાભી કહે છે મારે બે બહેન આંબા–મહુડા બધું જ છે. પણ ગુજરોને ભાથું કલારણનો દારૂ પીવો હતો. આથી તે માળદરા જવાની ના પાડે છે પણ પછી સ્ત્રીના બોલની વાત થતા પહેલા માળદરા દેશ જવા રાજી થાય છે.

ગુજરોના કહેવાથી દાસ દાસીઓએ ઘોડાઓ તૈયાર કર્યા રખમા રાઠોડણ પણ પિયરે જવા માટે શણગાર સજવા લાગી. ગુજરો પણ સોના ચાંદીના ઘરેણાથી સજ્જ થઈ તૈયાર થયા

માળા માળદરાના કાંગરા ધ્રૂજવા લાગ્યા બધા ગુજરો ફૂલવાળીમાં ઉતર્યા છે. લાલ જાજમ ઉપર થાક ખાતા બેઠા છે. રખમા રાઠોડણના પિતા બધાનું સ્વાગત કરે છે અને વાદળીને વીજળીને ગુજરો પાસે આવવા કહે છે. વાદળી–વીજળી તૈયાર થઈ આકાશ માર્ગે આવવા નીકળે છે તે આવે છે તો ગુજરો તેની ભાભી રખમાને કહે છે તમારી બહેનો ખાંડીઓ જેવા દાતવાળી છે. આથી તેને નહી પરણીએ ઝટપટ આપણે દેશ જઈએ પછી મડોવટની વાટે જાય છે.

## ભાથુ કલારણ :

મેહો ભોજો અને અન્ય ભાઈઓ ડોળીરાણીની ઝંખનામાં ડોળીરાણીની શેરીએ બજારે વાણિયા–બ્રાહ્મણને ભાથુરીનું ઘર પૂછે છે. છોકરાઓ ભાથુરીના ઘરની નિશાની આપે છે. તે કહે છે ઘર પાસે પારસ પીપળો, ટોકરિયાળી વાડ આંગણામાં પ્રવેશ દ્વારે ધૂઘરિયાળી ઝાંપલી, આંગણે, ચોપાડે દર્પણ જડેલા છે. વાડે નાગર વેલ વીટળાઈ છે. ગુજરો તો બતાવેલા માર્ગે ચાલ્યા ભાથુલી ઝાપલીએ આવ્યા ગુજરોને જડેલા દર્પણ તૂટયા વેલ ઘોડાને તોડીને આપવા લાગ્યા ભાથુ નિંદ્રામાં છે. દાસી હીરા આંગણામાં ગુજરોની કારસ્તાની જોઈને પૂછે છે તમે કોણ ગુજરો કહે છે અને ભાથુનો દારૂ પીવા આવ્યાછીએ, ભાથુ વાદળ મહેલમાં સૂતી છે ત્યાં હીરાદાસી તેને અરધી નિંદ્રામાંથી જગાડે છે અને ગુજરોના આવ્યાના સમાચાર આપે છે.

ભાથું જળનો લોટો લઈ મોઢું ધોઈને સોળે શણગાર સજે છે. ખૂબ જ શણગાર સજી હાથમાં ચામડાનાં ચાબુકને હાથમાં લઈને વાદળ મહેલ ઉતરે છે. ભાથુ બધા ગુજરોને અભિમાન થી જુએ છે અને પૂછે છે આટલા ઉદ્ધત કોણ છો ? કયા કારણથી મારા આ જડેલા દર્પણ ભાંગી નાખ્યા. ગુજરો કહે છે બધી વાત જવા દે બાઈ અમને શાખ શાખ દારૂ પીવડાવ. ભાથુ કહે કે મારા પીઠાનો દારૂ તમે નહી પી શકો ખાટી છાશ પીનારા મારો દારૂ તો ડોબીરણો રાણો જ પી શકે દારૂ પણ અઢી ઓઘીળ પીએ અને અઢી દિવસ સુધી ઉતરે નહી. તમે મારો કેટલો દારૂ પી શકશો.

ભાથુની આ તોછડી વાતોથી ભોજાને રીસ ચઢી તે સોનાની સાંકળ કાઢી ભાથુ બે આપતા કહે છે સાખ સાખ દારૂ પાજે પણ અમને હલકું બોલીશ નહી. કલારણ પૂછે છે શાની સાકળ છે પિત્તળ કે કાંસુ ?

ભાથુ આ સોનાની સાંકળ લઈ લવજી સોનીને ત્યાં જાય છે અને કહે છે લવજી સોની આ

શાની સાકળ છે જરા પારખીને કે લવજી સાંકળને જોઈને કહે કે આ સાકળ ઘરમાં દીવે પારખી શકાશે તે ઘરમાં સાંકળ લઈ ગયો ને એક કડી કાઢી આવ્યો. પછી ભાથું ને કહે સાવ સોનાની છે. ભાથું રાસ્તે જાય છે ત્યાં વિચારે છે. સોની વિશે શું જાણ ગુજરોએ મને છેતરી હશે તો આથી તે લુહારને ત્યાં આવે છે અને લુહારને પૂછે છે આ સાંકળ સોનાની છે લુહાર કહે છે આ કોને આપી છે. ભાથું કહે તે તારે જોવાનું નથી અને લુહાર આમ તેમ ફેરવીને સાંકળ ઘરમાં લઈ જઈને એક કળી કાઢી આવે છે અને કહે છે દારૂ જેટલો પાવો હોય તેટલો પાજે આ ચોખ્ખી સોનાની સાંકળ છે.

ભાથું સાંકળ લઈ આવે છે તે સાંકળને ગોખલે મૂકે છે અને ગુજરોને દારૂ પીવડાવે છે. ગુજરોને સાખ સાખ દારૂ પીવડાવે છે પણ નશો ચડતો નથી. એક ગુજર બાર–બાર ઘડા દારૂ પીવે છે. ભોજો કહે છે ભાથુ તારા દારૂનો નશો ચડતો નથી. ભાથુ કહે આવું ખોટું લાગે તેવું બોલોમાં હું તમારા માટે કૂવા પર દારૂનો જોડું છું.

ભોજો દારૂના રેટ પાસે આવે છે. ખેરાના ખેતલા (સીમદેવ) અને માતા ચામુંડાને સ્મરીને ભાથુ તો દારૂ પીવાય એટલો પીવે છે અડધો દારૂ મૂછોથી ઉછાળે છે તે સ્વર્ગે ચડે છે અને વૈકુંઠપુરીમાં સોનાનું સિંહાસન ધ્રૂજવા લાગે છે. સ્વર્ગેથી પાછા આવતા દારૂના છાંટા ગરીઓરકોટમાં ઝીણી ઝીણી મેઘની જેમ વરસે છે. બાકીનો દારૂ ડાબા પગના અંગૂઠાથી ધરતીને દાબે છે. આથી પાતાળમાં વાસુકી નાગના માથા પર દારૂ પડે છે અને વાસુકી નાગ સાથે ધરણ ડોલવા લાગે છે. આમ કરતાં આખો કૂવો ખાલી થયો પણ ભોજાને નશો ન ચડયો. ભોજો ભાથુને કહે છે અમને મહેણા મારતી હતી કે ડોળીરાણીનો રાણો અઢી ઓઘળ પીવે ને અઢી દિવસે દારૂ ઉતરે તમે છાશ પીનારા દારૂ ન પી શકો હવે તારા દારૂનો નશો તો ચઢયો નહી અમારી સોનાની સાંકળ આપ નહી તો તારું માથું જુદુ કરી નાખું.

ભાથું સાકળ પાછી આપે છે. ભોજો સાકળ લઈને ઘોડાની કોડમાં પહેરાવા જાય પણ સાકળ પૂરી થાતી નથી. બોલ ભાથું કેટલી કડી કાઢી છે. મારી કડી પાછી આપ નહીતર આ ચાબુક ફટકારું છું.

ભયની મારી ભાથું સોની અને લુહારને વીનવે છે કે સોનાની સાંકળમાંથી કડી કાઢી હોય તો પાછી આપો નહી તો ગુજરો મને મારી નાખશે આથી બંની કડીઓ આપે છે. સાંકળ પૂરી થાય છે અને ગુજરો છલંગી ઘોડા પર સવાર થઈ પાછા ગરીઓરકોટ આવે છે. ગરીઓરકોટમાં

દારૂની ઝીણી વર્ષા થાય છે. આખું જગત દારૂમાં ડૂબવા લાગ્યું છે.

સ્વર્ગમાં દારૂ વરસે છે. સ્વર્ગનું સિંહાસન ડોલવા લાગે છે. ભગવાન વિચારે ધરતી પર પાપીધર્મી જાગ્યો છે. સ્વર્ગ, ધરતી, પાતાળ પર ટકી શકાતું નથી ચાલ મૃત્યુલોકમાં જાવ. પાતાળમાં વાસુકી વિચારે છે મારા માથા પર દારૂ પડે છે. મૃત્યુલોકમાં પાપીધર્મી જાગ્યો છે. લાવ જઈને જોઈ આવું પણ આ પૃથ્વીનો ભાર કોના માથે મૂકીને જાવ.

વાસુકી ઊંટને બોલાવીને ધરતીનો ભાર ધારણ કરવા કહે છે પણ ઊંટ ના પાડે છે આથી વાસુકી શાપ આપતા કહે છે કે આજે સતયુગ ચાલુ છે પણ મનુષ્ય અવતાર કળયુગમાં લોકો તારું નાક ફાડીને નાથ ઘાલશે અને તારા માથે સવાકળશી ભાર મૂકશે.

ઊંટાના ગયા પછી વાસુકી વિચારે છે આ ભાર કોને આપું ત્યાં તો તે જોવે છે પાડાને આથી કહે છે હે ભેંસના જાયા આ પૃથ્વીનો ભાર ધારણ કર. વાસુકી ધરતીનો ભાર પાડા પર મૂકે છે ત્યાં તો પાડો ઝટ આ ભાર લઈ લેવા કહે છે. વાસુકી પાડાને શાપ આપે છે આ સતયુગ છે પણ કળીયુગમાં લોકો તારી કાંધમાં વીઝુહણ ખાડું ઝીંકશે અને તારો ડાબો પગ કાપશે તે સમયે તારા શરીર માંથી નદીઓ ખબુકશે આથી કરોડો દેવદેવીઓ ભૂખ્યા તારું લોહી ભરખશે.

આ પછી વાસુકી બકરાને પૃથ્વીનો ભાર ઝીલવા કહે છે પણ બકરો પણ ના પાડે છે તેને પણ શાપ આપીને કહે છે તારું લોહી દેવી દેવતા પીશે.

પછી ઊંટ, પાડા, બકરાના વર્તનથી નિરાશ થઈને વાસુકી વિચારે છે ત્યાં તો તેને બળદ દેખાય છે. બળદને બધી વાત કરે છે. બળદની કાંધે પૃથ્વીનો ભાર મૂકીને વાસુકી જાય છે. વાસુકી બળદને કહે છે પૃથ્વી પર જા જેટલું ફરવું હોય તેવું ફરવું વાસુકી પૃથ્વી પર જવા લાગ્યો.

પૃથ્વી પર વૈકુંઠમાંથી ભગવાન આવે છે ને પાતાળમાંથી વાસુકી આવે છે. ભગવાન વાસુકીને જોઈને કહે છે ધરતીનો ભાર કોના પર મૂકીને આવ્યો છો. વાસુકી કહે છે બળદ પર મૂકીને આવ્યો. ભગવાન કહે છે તારી મારી શોધ એક જ છે માટે બળદ ધરતીના ભારને સહન નહી કરે શકે ને મૂકી દેશે તો ધરતી રસાતાળ થશે માટે તું જા હું તપાસ કરું છું. ત્યારબાદ વાસુકી જાય છે. બળદના પરથી ધરતી લઈને વાસુકી બળદને આશીર્વાદ આપે છે કે કળિયુગમાં લોકો પોતાના પેટ ભરવા તારા પર બોજ નાખશે ત્યારે હું તારી પીઠે મારું બળ બનીને નાખીશ. આ બાજું ભગવાન તપાસ કરે છે. દારૂના સખીયાની શોધ આદરે છે. ખબર પડે છે ગરીઓરકોટના આ ગુજરો છે. આ બધો ખેલ વાઘજીના દીકરાનો છે.

ભગવાનને ગરીઓરકોટ આવતા જોઈને મહાની સતી સ્ત્રી રખમા કહે છે કે મારા લાડીલા દેવરિયા તમે મારું કહ્યું ન માન્યુ તે ડોળીરાણમાં દારૂ પીવા ગયા પણ તમારા બાપ ભગવાન તમને ખાવા આ ધરતી પર આવ્યા છે. તમારે બચવું હોય તો મારું વચન સાંભળો ભગવાન ગૂમડાંવાળો પાંચપરુવાળો છે. માથે ગુમડા છે. તેની ચાકરી કરો લાલ જાજમ બીછાવો યજ્ઞ હોમ કરીને તેને ખુશ કરો. છને છવ્વીસ ગુજરો ભગવાનનું સામૈયું કરવા જાય છે. ભગવાન લોહી પરું વાળા છે. માખીના ઝુંડ છે તોય ભગવાનને ભેટે છે ને મેહો, ઢાગજી, ઢુબજી, ખેમજી, એમજી બધા ભગવાનની સેવા કરવા લાગ્યા. હોમ હવન કરીને ગુજરો ભગવાનની ચાકરી કરવા લાગ્યા. ભગવાન ગુજરોની ચાકરીથી ખુશ થઈને તેને માર્યા વગર આશીર્વાદ આપીને જાય છે. ખાજો પીજો ને રાજ કરજો.

ભગવાન ગરીઓરકોટમાંથી પાછા ફરતા હતા કદળીવનમાંથી પસાર થતાં ભૂખિયાદેવી તેને મળે છે. તે ખાઉ ખાઉ કરે છે. ભગવાન કહે છે તું મને ભગવાનને ખાવ લાગી છે તારે ખાવું હોય તો ગુજરોને ખા તે દારૂના નશામાં અભિમાની બન્યા છે. ભૂખ્યા દેવી કહે હું તેને ખાઈશ તેના લોહીની નદીઓ વહેશે તે તેનું ખેદાન મેદાન થશે. ભગવાન કહે જે કરે તેનું અહંકાર ભાંગજે.

આ તરફ ગુજરોની માતા સાઢું ખટિયાણીને ભૂખિયા દેવીના આગમનની ખબર પડે છે. આથી ગુજોરોને કહે છે કે તમે દારૂ પીધો છે માટે તમારું સત જતું રહ્યું છે. માટે ભૂખીયા દેવીની કોપથી બચવા તમે પાડા બકરા કાપો અને તેના રસ્તે લોહીની નદીઓ વહેશે નવલાખ દેવીઓ પાડા બકરાનું લોહી ખાલી ખપ્પરમાં ભરશેને ધરાઈને જતી રહેશે.

પછી છ–છવ્વીસ ગુજરો ભૂખીયા દેવીના રસ્તે પાડાબકરા કાપે છે. લોહીની નદી વહે છે અને નવલાખ દેવીઓ ધરાઈને લોહી પીને ગુજરોને આશીર્વાદ આપી ચાલી જાય છે.

## જેળુ હોળાગણ :

ભૂખિયાદેવી પૃથ્વી પરથી પાછી જવા લાગી. વૈકુંઠપુરીમાં જઈને ભગવાનને વાત કરી કે હું ગુજરોનું કંઈ કરી શકી નથી કાણ તે ખાલી ખપ્પરમાંથી લોહી ધરાઈને આવી છું. ભગવાન કહે છે બહેન સાંભળ આ ગુજરોનું ખેદાન મેદાન નીકળે તેવું કંઈક કર ભૂખિયાદેવી વિચારમાં પડી ગયા પછી તે ભગવાનને કહે છે ભાઈ એક વાત સાંભળો તમે બાર બાર કોઠી અનાજ ભરી

હોય તો ય ખલાસ થાય તેવો દુકાળ પાડો. ગુજરોની ગાયો બધી મરી જાય ગુજરો હારી જાય. તો ભગવાન કહે ગુજરો હારે તેવા નથી. હું દુકાળ પાડીશ તો ગુજરો પાતાળ તોડી પાણી કાઢશે.

અંતે ભૂખિયા દેવી બોલે છે હું અડધી પાતાળમાં જઈને પથ્થર બની જઈશ અને અડધી વાંઝિયા હિયોર હોઢા રાણાના દેશમાં કમળાદેવી રાણીની કુંવરી રૂપે જન્મ લઉં છું. તે ભગવાનને કહે છે હું પાતાળમાં પથ્થર બનીને નીકળીશ આથી ગુજરો કુવો ગોડીને થાકશે હું પાણી આવવા જ નહી દઉં અને ભગવાન તું હોઢાના દેશમાંથી લીલા ઘાસનો પૂળો લઈ ગરીઓરકોટમાંથી પસાર થજે. પછી ગુજોર તને પૂછશે તો તું હોઢા દેશના સુકાળની વાત કરજે. પછી ગુજરો ત્યાં ગાય લઈ આવશે તો હું માયાના લોલુપ ગુજરોને પ્રેમમાં પાડી મારી નાખીશ. પછી કરોડો દેવદેવીઓ તેનું લોહી ભરખીને સંતોષ પામશે. છેવટે તેનું ખેદાન મેદાન કાઢી તે છ–છવ્વીસ ગુજરોના મસ્તકની માળા વૈકુંઠમાં તારા દર્શને આવીશ ત્યારે તને પહેરાવીશ. ભગવાન ભૂખ્યાદેવીની વાત સાંભળીને તેને કહે છે શાબાશ બાઈ શાબાશ....

આ તરફ ગરીઓરકોટમાં ભારે દુકાળ પડયો છે. વાડે વેલા નથી અને વાટે પાણીના રેલા નથી. રેસાનો નાપુગોવાલ ગાયોને ડુંગરે ફેરવીને થાકયો ગાયોનું દુઃખ જોઈને નાપુ પોક મૂકીને રડે છે. રડવાના અવાજથી સાઢું ખાટિયાણી ગુજરોને કંઈ કળા થઈ છે તેની વાત કરે છે.

બધા ભાઈઓ નાપુ ગોવાળને રડવાનું કારણ પૂછે છે ગાયો ભૂખને કારણે કરી જાય છે. ઘાસ ન મળતા મરી જાય છે. આ તરફ બધા ગુજરો ગાયોની ખબર કાઢી પાછા ચોરે આવે છે. બધા મળીને બાર કોઠી દુકાળની વાત કરે છે ને ગાયોને કેમ બચાવવી તેનો ઉપાય કરે છે. તે લુહાર પાસે જાય છે ને પાવડા કોદાળી ઘડવાનું કહે છે. બધા છ–છવ્વીસ ભાઈઓ કૂવા ખોદવા બેસે છે પણા બધાના કૂવામાંથી મોટા મોટા પથ્થર જ નીકળે છે. નિરાશ થઈ બધા પાછા ભમરિયે ચોરે આવે છે.

બીજી તરફ વૈકુંઠપુરીમાં ભગવાનને ખબર પડી કે કૂવા ગાળી–ગાળી ગુજરો થાકયા છે. ભગવાન સોનાના પગરખા પહેરી અને હાથમાં રંગેલ ગેડી લઈ હાથમાં તૂટેલી પોથી અને હીયોર હોઢાના દેશમાં લીલો પૂળો માથે લઈને ગુજરો પાસેથી નીકળે છે. ગુજરો આવા દુકાળમાં આવા ડોડીયો–બરુ–ઝંઝવો લીલોછમ લઈને આ બ્રાહ્મણ કયાંથી આવે છે. ભોજો બ્રાહ્મણને બોલાવી પૂછે છે આવો લીલો ચારો કયાંથી લાવ્યો. બ્રાહ્મણ હિયોર હોઢા રાણાની

નગરીના સમાચાર આપે છે. હજી બ્રાહ્મણની આ વાત સાંભળી ત્યાં જ મેહો અને ભોજો ગુજોર ઘોડાની લગામ ખેચીને હોઢા રાણાને દેશ જવા ઉપડયા  ત્યાં લીલાછમ ખેતર ચારો  જોઈને વાડીના માલિકનું નામ પૂછે છે તો વાદળ મેહુલા વાળા હિયોર હોઢા રાણાની જાણ થાય છે. બંને ભાઈઓ વાદળ મહેલ જવા નીકળ્યા હિયોર હોઢો લાંબી નજરે જોવે છે તો કોઈક આવે છે માટે ઢોલિયા ઢાળે છે બંને ગુજરોને આવકાર આપે છે. કુંવરી ઝેળું ઘોડાને લગામ પકડી ઝાડે બાંધે છે. બંને ભાઈઓ ઝેળુને જોવે છે.

બંને ભાઈઓને હિયોર હોઢો બેઠા છે. હિયોર હોઢો ગુજરોને આવવાનું કારણ પૂછે છે તો ગુજરો કહે છે અમારે ત્યાં ભીષણ દુષ્કાળ પડયો છે. ગાય મરી રહી છે તો તમારે જેટલા પૈસા જોઈ તે લઈ લો પણ અમારી ગાયને ચારો ચરવા દો હોઢો રાણો કહે છે આજ તમારો તો કાલ અમારો વારો છે. માટે કોઈ પણ પૈસા વગર ગાય ચરી શકે છે. ગુજરોને બત્રીસ જાતના પકવાન જમાડે છે. પછી ભોજો રાણાને ઘાસને પાણીનું સ્થળ બતાવા કહે છે.

હોઢો રાણો ગુજરોને ગાયને પીવાનું ઝીલણીયુ તળાવ બતાવે છે અને થોડે દૂર રહેવાની જગ્યા બતાવે છે. ગુજરો રાજી થાય છે અને રાણાને કહે છે કાલે સૂરજ ઉગતા જ અમે આવીશું મેહો ભોજો આનંદ સાથે ગરિઓરકોટ જાય છે. બધા ભાઈને સમાચાર આપે છે બ્રાહ્મણની વાત સાચી છે. આપણે રાત્રે જ ગાડા ભરીને નીકળશું હવે આપણી ગાયો દુઃખી નહી થાય.

મેહા ભોજાની માતા સાઢુ ખટિયાણી કહે છે દીકરા મારું કહેવું તમે ન માન્યા હવે પારકા દેશ જવું પડશે પરાયા થઈ જવું પડશે. ગુજરો ઉચાળા ભરવા લાગ્યા તેની માતા ગામને, કૂવાને, ચોરાને યાદ કરી રડે છે. જીવશું તો પાછા આવશું નહી તો મર્યા તો તરવરકોટ ઝોઆર. ગરિઓરકોટ મૂકી બધા ચાલ્યા. નવલાખ ગાયો સાથે ગુજરો હોઢા રાણાના દેશ આવ્યા ખાખરખેડા. આવીને વિસામો લઈને ભોજો તે મેહો રાણાને વાદળ મહેલ કહેવા જાય છે કે અમે આવી ગયા ત્યાં રાજા આવકારે છે અને ખાખરખેડાને ઝેઝણિયાઝોડ ગુજરો તમારા રહેવું હોય તેટલું રેજો. ત્યાં કુંવરી ઝેળું દોડતી ભોજાને અડપલા કરવા લાગે છે.

રાણાને મળી ગાયના વાડા બંધાય છે અને ખાખરખેડામાં ભોજો ગાયનો ગોવાળ બનીને વાંસડી ઘોડાલિયું વગાડી ગાયો ચરાવે છે.

હોઢા રાણાની કુંવરી ભોજાની વાંસળીના સૂટ સાંભળીને દાસી હીરાવરને બોલાવીને

પિતા પાસે ગાયો ચરાવા ઝેઝણિયાઝોડ જવાનું કહે છે. હીરાવર દાસી રાજાને કુંવરીની ગાયો ચરાવાની વાત કરે છે. પણ રાજાના પાડે છે એ આપણું કામ નહી આ કામ આપણા નોકરનું. કુંવરીને પિતાની વાત દાસ કરે છે. કુંવરી રડે છે, છાતી કૂટે છે, કટાર મારી મરી જઈશ, મહેલે ચઢી મરી જઈશ આવો સંદેશો રાજાને દેવા દાસીને મોકલે છે.

દાસી હીરાવર કુંવરીના મરી જવાના સંદેશા સાથે પાછી રાજા પાસે આવે છે રાજાને એક જ કુંવરી એટલે તેની વાત માનીને ગાયો ચરાવવાની હા પાડે છે. દાસી રાજાનો સંદેશ લઈ આવે છે. ઝેળુ કુંવરી રાજી થઈ શણગાર સજવા તૈયાર થાય છે.

સોળેય શણગાર સજી ઝેળુ ભોજાની સાથે ગાય ચરાવવા આવે છે. ઝેઝણિયાઝેડમાં ભોજાના ઘણ ભેગું કુંવરીનું ઘણ ભળે છે. ભોજો કુંવરીને જોઈને નવાઈ પામે છે અને બંનેના ઢોર ભેગા થવાનું કહે છે. કુંવરી કહે કંઈ વાંધો નહી ઢોર ભેગા ઢોર ફરે માણસ ભેગા માણસ હું તો તારા માટે આ ગાય ચરાવા આવી છું. આ તારી વાંસળી વગાડ ભોજો થોડો ડરે છે પણા ઝેળું તો ભોજાના જીવ માટે આવી છે.

વાંસળીના સૂરે ઝેળુ નાચી ઉઠે છે અને ભોજાને ખાખરખેડા તરફ જવાનું કહે છે ત્યાં જાત જાતની રમત રમશું અનાજ ખાંડવાની રમત રમશું, ત્યાં બંનેના ઢોર ચરશે તો આપણે પરણવાની રમત રમશું.

ભોજો નવલાખ ગાયોના ટોળાને ખાખરખેડામાં વાળે છે. કુંવરી કહે છે ઝેળુ તારો બાપ જાણશે તો આપણને મારી નાખશે. તમે કયાં ને અમે કયાં. કુંવરી કહે છે હવે આપણે પ્રેમી પ્રેમિકા છીએ. ગાયોના ગોવાળ છીએ પછી દાસીને કહ્યું તું ઝટ જા અને આંબાના પાન, સીયો, મીંઢણ, જવ, તલ, લેવા બેલોટા લઈને બ્રાહ્મણને પણ લાવજે પરણવાની રમત રમીએ.

પછી દાસી પરણવાના સામાન સાથે બ્રાહ્મણ લઈને આવે છે. ભોજો અને ઝેળુના લગ્ન થાય છે. પછી ઝેળુને ભૂખ લાગે છે એટલે ઝીલણીએ તાળવ જાય છે. નવલખ ગાયો ચરે છે ને ઝેળુ ભોજો ઝીલણીએ તળાવ આવી બેસે છે. તરસ લાગવાથી વીરડી ગાડે છે. પહેલા પાણી ભોજાને પીવડાવી પોતે પાણી પીવે છે પછી થોડા વિરામ પછી તળાવમાં સ્નાન કરવાનું ઝેળુ કહે છે. બંને અર્ધવસ્ત્રમાં તળાવમાં રમત રમવા પડયા. બંને એકબીજાને પાણી ઉડાડે છે અને ત્યાં પાણી ધ્રુવતારે અડે એટલા ઉછળે છે.

પછી બંને જળની અંદર રહેતા જળચરના રૂપ લઈને રમત રમવાનું નકકી કરે છે. પહેલા ભોજો જળનો સાપ બનની પાણી નીચે સંતાય છે. ઝેળુ તેને શોધી આવે છે પછી ઝેળુ જળની માછલી બનીને ઘાસમાં સંતાય છે. આથી ભોજો તેને નદીમાં શોધે છે પણ મળતી નથી એટલે બહાર આવીને રડે છે અને કહે છે મોટાલોકોનો આરોપ આવશે કે અમે તેની દીકરીને ખોઈ મગરમચ્છ ખાઈ ગયો હું શું જવાબ આપીશ. ઝેળુ પાછળથી આવીને ભોજાને રડવાનું બંધ કરાવે છે. પોતે જીવતી છે તેમ કહે છે પછી પોતે કહે છે ભોજાજી તમે સ્ત્રી કરતા પોચા હૃદયના છો તો ભોજો કહે છે હું તમારા પ્રેમમાં રડતો હતો. પછી ખૂબ ભૂખ લાગે છે એટલે ઝેળુ ભોજાને કહે છે તારે વાડે જઈ ભાત લઈ આવું ભોજો કહે છે માને શું કહીશ તો કહે સાસુજી પછી ભાત લેવા આવે છે. સાઢુ ખટિયાણીને સાસુજી કહી બોલાવે છે. સાઢુ ખટિયાણી પૂછે છે તમે ઉંચા લોકો તું હું તારી સાસુ કેમ થઈ તો કહે કાલે બપોરે તમારા દીકરા ભોજા સાથે પરણી પછી સાસુ ખાટી છાશને ઘેરુ આપે છે.

પછી ઝેળુ ઝટઝટ વાદળ મહેલ જાય છે. ત્યાં લેબંદેના માગા આવ્યા છે પિતા રોકે છે કે હવે તમે લેંબદેના વાગદત્તા છો ઝેળુ ના પાડે છે પરણવાની તો તે ગુજરો સાથે જવાનું કહે છે. રાણા કહે છે લેબંદેને પરણશો તો રાણી કહેવાશો ને ગુજરોને પરણશો તો ગુજરણ. ગુજરો ખાટી છાશ ખાનારા ગરીબ છે.

ઝેળુ વાળદ મહેલમાં ઉપર જાય છે. વાટકીમાં ચુરમું ચોરી તે ભોજા માટે લઈ જાય છે. ઝેળુ ભાત આપીને વિમુખ થઈ બેસે છે. ભોજો પૂછે છે તો કહે ઘટે લેબંદેના માગા આવ્યા છે તો ભોજો કહે હવે તું મારી રાણી છો પછી રડ નહી. ઝેળુ કંઈક નિશાની માગે છે તો ભોજો ઝેળુના કાંડે દોરો બાંધે છે અને પછી ઝેળુ સિંદૂરવર્ણના વડના પાનમાં ચૂરમુ ખાવા માટે ભોજો તે પાન લેવા મોકલે છે પણ ભોજાને પાન મળતા નથી છેવટે થાકીને ભોજો પાછો આવે છે પછી ઝેળુ એક ઝાડ મૂકીને બીજા ઝાડે સિંદૂરી પાન લઈ આવે છે. આ વડના ઝાડના પાનમાં હજારો દેવી દેવતા રહે છે તે ઝેળુને પૂછે છે તું તો ગુજરોને મારવા આવી હતી પણ તેને તેની સોળ મીઠી લાગી આથી ઝેળુ કહે છે મારા માગા લેંબદેના આવ્યા છે પણ હું પરણી ભોજાને. હવે બંચે વચ્ચે લડાઈ થશે અને ગુજરોના લોહીની નદી વહેશે ત્યારે બધી દેવી તમે ખપ્પર લઈ આવજો અને હું ગુજરોના શીશની માળા લઈને વૈકુંઠ ભગવાન પાસે જઈશ.

પછી ભોજો તે ઝેળુ ચૂરમું ચોરે છે ત્યાં ઝીણો ઝીણો વરસાદ શરૂ થાય છે. ભોજો ગાયોને લઈ વાડે જાય છે. ઝેળુ વાદળ મહેલ જાય છે. આ તરફ ગરીઓરકોટમાં વર્ષા થવાથી પાછુ રામ રાજ્ય શરૂ થાય છે. બંને ભાઈ તપાસ કરવા જાય છે તો પાછો ગરીઓરકોટ લીલોછમ થઈ ગયો. આ તરફ છ–છવ્વીસ ગુજરો હોઢારાણાના રાજમહેલે રજા માગવા આવે છે કે અમારે દેશ જઈએ છીએ. રાજા પણ રજા આપે છે અને પાછા અમારે દુકાળ પડશે તો અમે આવશું પછી ગુજરો એક વિનંતિ કરે છે કે તમારી કુંવરીના લગ્નમાં અમને બોલાવજો.

પછી તો છ–છવ્વીસ ગુજરો ઉચાળા ભરીને ગરીઓરકોટ આવે છે. સાઢુ ખટિયાણી અને રખમા રાઠોડણ પોતાના નગરમાં આવીને રાજી છે. બધાએ પોતપોતાનું સ્થાન સંભાળ્યુ. નાથુ ગોવાળ પાછો ગાયો ચરાવવા લાગ્યો અને હોઢારાણાના દેશમાં જે લીલોતરી હતી તે અહીં થઈ ગઈ. હોઢોરાણો ગુજરોને આમંત્રણ આપવા કંકોત્રી લખે છે પણ ઝેળુ ગુજરો માટે ચોખા મોકલવાનું કહે છે. માત્ર સમાચાર મોકલે છે તમે સાદા રબારીના વેશમાં જ આવજો.

આમંત્રણ મળતાની સાથે ભાઈઓ વાતો કરે છે કે આપણે વાઘજીના છોકરાને શરીર પર સામટું સોનું ધારણ કરીને જાશું ને ઝેળુના માંડવે નાચશું.

આ તરફ ભોજાએ સોનાનો મુગટ પહેર્યો મેહો પણ સોનાનો મુગટ પહેરે છે. ઘોડીઓ ઉપર સોના–રૂપાના પલાણ નંખાય છે ને હોઢા રાણાને દેશ જવા નીકળે છે. હોઢાનો દેશ નજીક આવ્યો ધરતી ધ્રૂજી ને સોનાના પ્રકાશ પથરાણા. ઝેળુને ખબર પડી ગઈ ગુજરો આવ્યા છે. વાદળમહેલ પાસે ગુજરો આવ્યા તે સમૌયા માટે દાસીને મોકલે છે.

હીરાવર દાસી શણગાર સજીને સુહાવની થાળીમાં દીવા લઈ સામૈયા કરે છે. તિલક કરે છે અને નવલાખનો તોરો આપે છે. ગુજરોને બાગ–બગીચામાં લીલી પીળી જાજમ પાથરીને ઉતારો આપવામાં આવે છે. બધા ઘોડાને ફૂલોનો ચારો નાખે છે. ફૂલના ભોગી ગુજરો ફૂલવાડીમાં આરામ કરે છે.

આ તરફ લેબંદેની જાન વડલે પીપળે બેઠી છે. ઝેળુને પરણવા અધીરો રાણો ઝડઝડ ઘોડે ચડીને તોરણ સબવા લીલા તોરણે આવે છે. છલંગી તોરણ સબવા જાય પણ તોરણ સબી શકતો નથી તે વિચારે છે જગમાં કંઈક ખોટું થયું છે પછી હારીને રાણો ભોજા ગુજોર પાસે જાય છે અને માસીના દીકરા કહીને લાખ બે લાખ તું લઈ લે પણ મને તારી કેસર ઘોડી આપ તોરણ

સ્પર્શવા ભોજો ઘોડી આપવાની ના પાડે છે પણ કહે છે તું ભાઈ કહે છે તો તું રાણા લેબંદે ચોરીએ જા તારા બદલે તોરણ સબવા હું જાવ છું. રાણો ચોરીએ જાય છે ને ભોજો તોરણ સબવા.

ભોજો કેસર ઘોડીને તૈયાર કરીને કૂંડાળા માટે છે ઝેળુ ભોજાને જોવે છે. દાસીને બોલાવીને કહે છે તારો બનેવી તોરણ સબવાની તૈયારી કરે છે. ઝટ જોવા ચાલ ત્યાં જ એક ઝાટકે જ ભોજો કેસર ઘોડી સ્વર્ગે અડે તેટલી ઉડીને તોરણ સબે છે. ઝેળુ ને દાસી જોવે છે. ભોજો ઉંચો હાથ કરીને ઝેળુને ખાંડુ આપે છે અને આ ખાંડોને ચોરીમાં સાથે રાખવાનું કહે છે. ઝેળુને ફરીવાર ભોજાને તોરણ સબતા જોવાની ઈચ્છા છે.

આ તરફ લેંબદે સોળેય શણગાર સજીને ચોરીએ આવે છે. ગીત ગાનારી ગીત ગાય છે. હીરાવટ રાણાને સામૈયું કરે છે. નાચવાવાળા નાચે છે. ગીત ગવાય છે. બ્રાહ્મણ ચોરી ચીતરે છે. ઝેળુ ખાંડા સાથે રાણા સાથે ફેરાફરે છે. રાણો પરણીને બધાને પાયે પળીને વાદળ મહેલના દ્વારે જાન સાથે વડલે પીપળે ઉતારે જાય છે.

ગુજરો ઝેળુના માંડવે નાચવા આવે છે. ભોજાએ માથે સોનાનો જાલરીયો ટોપ મૂકયો છે. મેહાએ સોનાનું મોરીદુ મૂકયું છે. ગુજરો ખૂબ નાંચે છે. નાચતા નાચતા સોના રૂપાના મણીયા મોતી ઉડાડે છે. લોકો મોતી લઈને શાબાશી વાઘજીના દીકરાને આપે છે. જુગ જતા રહેશે પણ તમારા કાર્યોની નિશાની રહી જશે. ફરી ફૂલવાડીમાં ગુજરો જાય છે.

ઝેળુ હીરાવટ દાસીને રાણા લેબંદે પાસે મોકલે છે. એક ઉખાણાના જવાબ માટે ઝેળુએ ઉખાણું પૂછયુ કે સૌથી મોટુ ફૂલ કયું. દાસી જઈને રાણાને પૂછે છે. રાણો આ પ્રશ્નના ઉત્તરમાં જવાબ આપે છે સૌથી મોટું ફૂલ કોળીનું. હીરાવટ આવીને ઝેળુને જવાબ આપે છે. પાછી ઝેળુ ગુજરો આ જવાબ જાણે છે પૂછવા દાસીને મોકલે છે.

દાસી આવીને ભોજાને સૌથી મોટા ફૂલનું ઉખાણું પૂછે છે. ભોજો કહે છે સૌથી મોટું ફૂલ આસમાન–ધરણી, બીજો જવાબ રાજા ઈન્દ્રનો મેઘને વાદળ, ત્રીજો જવાબ માતાનું સ્તન અને છેલ્લો જવાબ કપાસનું ફૂલ. હીરાવટ દાસી ગુજરોના જવાબ લઈ આવે છે. ઝેળુ કહે છે બધા જવાબ સાચા શાબાશ ફૂલના ભોગી વાઘજીના પુત્ર શાબાશ.

હવે ઝેળુ પુરુષવેશ લઈને ગુજરોને સોનાની થાળીમાં મોતીચૂરનાં લાડું જમાડે છે અને કુશળ રહેવાનું કહે છે અને પછી સ્ત્રીનો વેશ લઈને લેંબદે પાસે જઈને મકાઈનો ખીચડો

ખવરાવવા જાય છે. ખાઈ પીને સંતુષ્ઠ થયેલા ગુજોર હિયોરહોઢાને મળવા જાય છે.

વાદળ મહેલમાં જાન આવે છે. લેંબદે ઝેળુને લઈ જવા આવે છે. ઝેળુના છેડા છોડે છે. રાણો અને ગુજરો સામસામા ભેગા થાય છે. ગુજરો હોઢા રાણાને મળી જવા લાગ્યા.

રસ્તામાં ખેમલો કાસીદ બાર જૂડીની એક જૂડી બનાવી ચલમ પીવે છે અને તેના ધૂમાડામાં વાદળ બંધાયા હોય તેવું લાગે છે. ઝેળુ ભૂલથી જાન સાથે જવાને બદલે ગુજોરોને સાથે જાય છે. રસ્તામાં મહેતા મુત્સદી ઝેળુને ન જોતા વાત કરે છે. જાનપક્ષના માણસો ગુજોરો પાસેથી લેવા આવે છે.

હવે ગુજોરો ઘોડે સવાર થયા બાદ ગુજોરો ગરીઓરકોટમાં જાય છે.

ડોળીરાણમાં રાણ લેંબદેની જાન આવવા લાગી. જાન નગરમાં જાય છે પણ ઝેળુ નગરમાં જૂના મહેલમાં જવાની ના પાડે છે ત્યાં તાબળતોબ કડિયા દાડીયાને બોલાવી નવો મહેલ બાંધવામાં આવે છે. મહેલ તૈયાર થાય છે તો ઝેળુ નવા ઢોલીયાની વાત કરે છે તરત નોકર ચાકર જંગલમાંથી ચંદનના લાકડા લઈ આવે છે તે ઢોલીયો તૈયાર થાય છે. ઝેળુ મહેલમાં આવે છે તે રાણાને કહે છે રાણા ખાખરખેડામાં ગાય ચારવા જતી હતી ત્યારે મને તેજીઓ તાવ આવ્યો તે ભોજા ગુજોરે મને કાચો દોરો બાંધયો ને કહ્યું તું રાણે તે વહે તે દિવસે નવા મહેલમાં નવા ઢોલીયા ઘડાવ જે ત્યાર પછી ધોળો સુવર મારી તેના લોહીથી ઢોલિયો રંગાવીને તે લોહીના છાંટા રંગાવી રાણા સાથે ઘરવાસો કરજે. રાણા ફરીથી મને તેજીયો તાવ આવ્યો છે. ફરીથી ભોજા પાસે દાણા જોવરાવો. રાજા માણસને બોલાવી સવાકળશી દાણા જોવરાવા ગુજોરો પાસે મોકલે છે. ભોજો આવાસા માણસના દાણા જોવે છે અને ધોળા સુવરને મારી ઢોલીયા રંગાવાની વાત ભોજો કરે છે.

આ તરફ રાણા લેંબદેના દરબારમાં ધોળા સુવર મારવાની વાત પેલો માણસ કરે છે આથી રાજા લેંબદે આખા ડોળરાણમાં કોઈપણ પુરુષ રેશે નહી તે બધા મેર સિમેર પર્વત પર ધોળા સુવરને મારવા જશું. બુંદીકોટના બધા લોકો બંદૂકો લઈને મેર સમેર પર્વત પર જાય છે. આખી રાત ડોળીરાણ સૂતી પડી છે.

આ તરફ ઝેળુ કુંભારણનો વેશ લઈ પાવળો તગારું લઈ ગધેડા પાછળ નીકળે છે. દરવાન ઉભી રાખે છે તો કહે છે નવી રાણીના મહેલ રંગવા માટી લેવા જાવ છું અને પછી

નગરના દરવાજા બહાર કોદાળી ટોપલું નાખીને સોળ શણગાર સજીને ઝેળુ ગરીઓરકોટ તરફ આવે છે.

રસ્તામાં ઝેળુને ખેમલો કાસીદ મળે છે તે રાણીને કઈ તરફ જવાનું પૂછે છે. ઝેળુ વટેમાર્ગુ છું તારે શું પૂછવાનું કામ એમ કહે છે. ખેમલો કહે છે તું ગુજરો પાસે જઈને શું કરીશ તે તો ખાટી છાશ પીનારા માટે ત્યાં આવ માટે ઘણા ઘેટા બકરા છે રાજ કરશું. ઝેળુ કહે છે ખેમલા મને જવા દે હું જોગણી છું. મને ગુજોરોનો જોગ લાગ્યો છે. ખેમલો રાણીને જવા નથી દેતો. પછી ઝેળુ કાહીદને કૂકડો બનાવી પોતે સફેદ સમડી બનીને તેને માટી નાખે છે. પાછી સોળ શણગાર સજે છે.

ખેમલાને મારી ઝેળુ સોળ શણગાર સજે છે. આજે તો તે હોળીના ભડકા જેવી લાગે છે. તે સ્વર્ગે ચડવા લાગીને પાતાળે ઉતરવા લાગી. તે આવીને ગરીઓટમાં ભમ્મરિયા ચોરે ઉભી રહી. રાણી ઝેળુને આવેલી જોઈને રખમા રાઠોડણ અને સાઢુ ખટિયાણી કહે છે દિયર માયામાં લાલચું ન બનશો. પછી કહે છે મા બેટા ઝેળુ મોટાલોકનું માનવી છે. આપણે ગુજોર કહેવાય. પછી ગુજોરો માનતા નથી અને કહે છે આંગણે આવેલી સ્ત્રીને આશ્રય અપાય કાઢી ન મૂકાય. માતા કહે છે આ ખરાબ થાશે. આ ગરીઓટકોટ અંધારીયા ખંડમાં પરિણમશે. પણ ગુજોરો માનતા નથી અને કહે છે લડી મરશું પણ સ્ત્રીને પાછી નહી મોકલી. ડોળીરાણથી રાણા લેંબદેની ફોજો આવવા લાગી છે.

મેહો વાત કરે છે લાવરી કૂતરી અને તેના બાર કૂતરા પાળે છે અને બાર વર્ષ સુધી કૂતરીને તેના બાર બચ્ચા ગુજોરોની રક્ષા કરે છે. તેરમાં વર્ષની અંતે કૂતરી ગુજરોને કહે છે મારો વારો ઉતર્યો તમે જાણોને તમારું કર્મ.

છ–છવ્વીસ ગુજોરો રખમા રાઠોડણ ભાભીને પૂછે છે લેંબદેની ફોજ આગળ કેમ બટવું બાર–બાર વર્ષ તો કૂતરી લડી છે હવે શું ભાભી કહે છે કે દિયર તમે મારું માન્યા નહી મારે તમારો કાળો દિવસ આવ્યો છે. પછી રખમા રાઠોડણ ભમ્મરીયે ચોરે તેરમી લીંબડીની આજુ બાજુ ફરીને બોણાવટી અમર ઘૂંટા બનાવે છે તે બાર બાર વર્ષ સુધી લેંબદેની ફોજ સામે લડે છે. બાર વર્ષ પૂરા થયા.

આ તરફ લેંબદે અમર ઘુંટાને વિનંતિ કરે છે કે બાર બાર વર્ષ અમારી સામે લડયા આજે ચોવીસ વર્ષ થયા ગુજોરે એ મારી રાણી રાખી છે તમે એને સજા કરો. અમર ઘૂંટા પાછા ફરે છે

અને ગરીઓરકોટમાં ગુજોરોને મારવા લાગે છે. તેણે ગુજોરોનો વંશ મૂકયો નહી. આખા ગરીઓટમાં ગુજોરોના લોહીની નદી વહેવા લાગી.

વૈકુંઠપુરીમાં ઝેળુ–ભૂખ્યાદેવી નવલાખ દેવીને ખપ્પર લઈને આવવાનું કહે છે. નવલાખ દેવી આવે છે. અભિમાની ગુજોરોનું લોહી ધરાઈ ધરાઈ પીવે છે. નવલાખ દેવીનું મન લોહીથી ભરાઈ ગયું.

ભૂખ્યાદેવી (ઝેળુ) છ–છવ્વીસ ગુજોરોના માથાનો હાર બનાવીને વૈકુંઠપુરી ભગવાનના દર્શને ઉપડી. ગરીઓરકોટનો ચોરો સૂનો છે. ઘોડાઘોડી સૂના છે. કાળા કાગડા બોલે છે.

## દેવનારાયણ :

સાઢું ખાટિયાણી પાણીનો કોરો ઘડેલો છે અને ઝાંઝર વાવે પાણી ભરવા જાય છે. મેહા ભોજાની માતા દાતણ કરીને વાવમાં જઈ હાથ પગ ધોવે છે. એટલામાં તો ઝાંઝર વાવમાં કમળનું રમવા લાગ્યું. સાઢું ખાટિયાણી કહે છે. રાણા લેંબદેનું હોય તો આગળ જાજે અને ગુજોરનું હોય તો ખોળામાં આવજે. ફૂલ રમતું રમતું ખોળામાં આવ્યું. સાઢુ ખાટિયાણી ફૂલને કોરાઘડામાં મૂકે છે અને નવ મહિના પછી દેવ જેવો કુંવર જન્મે છે. લેંબદેના મહેલ ધ્રૂજે છે કે ગરીઓરકોટમાં સૂબો જન્મ થયો છે. પછી માલણને બોલાવીને તેને મારવાનું કરે છે અને રાજપાટ આપવાની વાત કરે છે.

લેંબદે રાણાનો આદેશ થયો એટલી વારમાં દૂધી માલણ ગરીઓરકોટ આવવા લાગીને બારે ચોરે રડે છે. ભોજા મેહાનું નામ લઈને ખૂબ રડે છે. લેંબદેનું નખ્ખોદ જાજો તેને ગરીઓરકોટ સૂનો કરી નાખ્યો. રખમા રાઠોડણને અને સાઢુ ખાટીયાણીને આ સાંભળીને થાય છે કે મારા દીકરાઓ બધે ફરતા તો કોઈ ઘરમની બેન હરે માટે આટલું રડે છે. આથી સાઢુ ખાટીયાણી કહે છે બહેન કઈ પાંખની છો તું વળી માલણ કહે છે રાણાનું નખ્ખોદ જાજો મારો વંશ મૂકયો નહી.

સાઢુ ખાટીયાણી તે દૂતીને ઘેર લાવે છે. તે ઘરમાં દેવજીકુંવર પાસે જઈને સોનાનું કપડું પહેરાવીને ઓવારણા લે છે અને મારા ભાઈનો વંશ છે એમ કહીને આનંદમાં આવી જાય છે.

બીજે દિવસે સવારે સાઢુ ખાટીયાણી ઝાંઝર વાવે પાણી ભરવા જાય છે. દૂતી માલણ પોતાના સ્તન પર ઝેર ચોપડે છે અને દેવજીકુંવરને ધાવવા કહે છે. પછી દૂતી માલણની નવ નવ

નાડો ખેંચવા લાગ્યો છે કુંવર. દૂતી માલણ સૂકાઈને સાલર વૃક્ષ થઈ છે. સાઢુ આવીને જોવે છે પછી કંઈ બાજુથી આવીને પૂછે છે. જવાબ મળતા જ સાઢુ શાપ આપે છે રાણા તારું ખરી આખોડ જજો.

દૂતી માલણમાં કહેવાનું કશું રહેતું નથી અને તે જીવ લઈને ભાગે છે. તે ડોળીરાણ જઈને રડવા લાગી પછી કહે છે ગરીઓટમાં ગોરખ જાગ્યો છે. ખરાં નાળિયેર લઈને ખરા સરદારને મોકલો.

બીજે દિવસે પ્રભાત થયું. નભુવાડાના માથે જઈને ગાયો જંગલમાં ચારવા માટે ઈહુકારો–ડસકારો કરવા લાગ્યો છે. સાલોર કાનની ટીશીઓ ઉંચી કરે છે પણ ઉઠતી નથી. સાલોર ગાય કહે છે હે બાપુ સમાજોગનો મહાજોગ આવ્યો છે. તું અન્યાય કરતો નહી. અમારા પર્વ આવ્યા છે તું સાતમે ભોયરે જા અને વડા ધણીની રજા લઈ આવ.

સાલોરની વાત સાંભળી નાપુ સાતમે ભોયરે દેવજીકુંવર સૂતો છે તેને જગાડે છે. સાલોર દેવીની વાત કરે છે. કુંવર આવે છે. સાલોરને નથી ઉઠતી–બેસતી તેની વાત કરે છે. સાલોર કહે છે તારા બાપ પથ્થરોમાં ગળી ગયા. અમારે તેનું વેર લેવા ડોળીરાણમાં જવું છે અમારો શણગાર આપો.

દેવજી પૂછે છે સાલોરને તારો શણગાર શું છે તો કહે સોના રૂપાના શીંગડા ખરીઓ આજે નવો ભર્યો દિવસ છે. શણગાર સજીને વેર વાળવા જવું છે. દેવજી તેની માતાને સાલોર દેવીના શણગાર માગવાની વાત કરે છે પણ માતા કહે છે દુકાળમાં બધુ વેચી ખાઈ ગયા અને પછી રાણા લેંબદેની ફોજો આવીને લૂટાઈ ગયા બધુ જતું રહ્યું.

દેવ નારાયણ પાછો આવીને સાલોરને વાત કરે છે. કાળ દુષ્કાળમાં અડધો શણગાર વેચી દાધા લીધા તો અડધો ડોળીરાણનો લેંબદે લૂટી ગયો. સાલોર કહે છે મારો શણગાર સાતમે ભોયરે છે. પણ હું ગુજરોનું વેર લેવા જાવ છું પણ પાછી ગરીઓરકોટ નહીં આવું.

સાલોર આગળ કહે છે દેવનારાયણ ખાજે પીજેને રાજ કરજે. હું ડોળીરાણ જાઉં છું. નાપુ ઘૂઘરિયાળી ઝાંપલી થડકાવે છે. સાલોર કાન માંડે છે ને દેવકુંવર કહે છે ખમ્મા માતા તને કાળ દુષ્કાળમાં ફેરવી ફેરવી થાકયા છીએ તમે દિલમાં દુખ ન લાવશો.

પછી નવલાખ ગાયોના ટોળા લેંબદેના નગર જવા લાગ્યા ને આખાય નગરને મહેલને

તોડવા લાગ્યા. સાલોર ગાય હિલ્લોળા મારે છે અને આખાય નગરને તોડી ફોડી નાખે છે. ગર્ભવતીના ગર્ભ પડી જાય છે. ડોળીરાણના લેંબદેનો વંશ નાશ પામે છે ને લોહીની નદી વહે છે. લોહીની નદીમાં સવામણના પથ્થરા તરે છે. આ તરફ દેવકુંવરજી શણગાર સજીને ડોળીરાણમાં ગુજરોનં વેર લેવા જાય છે. માતાના આશીર્વાદ લઈ દેવકુંર બાર હળના બળદને ખેડુનો હલ્લો લઈને ડોળીરાણ ભણી જાય છે. જઈને તે ડોળીરાણ ખોદવા લાગે છે. તે કહે છે મે મારા ગુજરોનું મારા વંશનું વેર વાળ્યું. ધરતીનું વેર વાળ્યું ડોળીરાણમાં સર્વનાશ થયો સૂની ડોળીરાણમાં કાગડા ઉડવા લાગ્યા.

# સંદર્ભ સૂચી


૧. ડુંગરી ભીલોનો ગુજરાનો અરેલો : ડો.ભગવાનદાસ પટેલ પૃ.૧૪,૧૮,૨૪,૧૬,૧,૩

૨. આદિજાતિ લોકમહાકાવ્યો : ડો.ભગવાનદાસ પટેલ પૃ.૩૩૫ થી ૩૯૨

૩. વનસ્વર : ડો.બળવંત જાની પૃ.૧૮,૨૬,૫૨

૪. લોકગુર્જરી : ડો.બળવંત જાની પૃ.૧૯,૧૭,૧૫,૨૦